**દાહોદ ટાઉન બી ડીવીઝન ગુ.ર.નંબર–11821053260179/2026 કામે મુદ્દામાલ અરજી બી.એન.એસ. એસ.૪૯૭ લગત હુકમ ::**

**આક્ષેપીત કલમ: બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૬૧,૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબ.**

વિ.એપીપી શ્રી અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.એલ.પરમાર

..........................................................................................

૧. સદર કામે હાલના અરજદાર **મર્હુમ દેવાભાઈ દિતાભાઈ ચૌહાણના વારસદાર વિકાસકુમાર દેવાભાઈ ચૌહાણ, રહે. માળ ફળીયા, બોરીયાળા, તા.ગરબાડા, જી.દાહોદ** વાળાએ ઉપરોકત ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલપરત મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે. નીચે મુજબનાં પુરાવા રજુ કરીને વિ.વ.શ્રીએ મંજુર કરવા તથા એપીપીશ્રી ની દલીલો રદ કરવા અરજ ગુજારેલ છે.

| | |
|---|---|
| મુદ્દામાલ | HERO HONDA MOTORS LTD કંપનીની SPLENDER PRO મોટર સાયકલ જેનો રજી.નં. જીજે.૨૦.કયુ.૯૧૩૦ જેનો ચેસીસ નં. MBLHA10ASDHE56097, એન્જીન નંબર.HA10ELDHE02458 |
| એફ.આઈ.આર | રજુ છે. |
| આર.સી.બુક | રજુ છે. |
| અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | રજુ છે. |
| અભિપ્રાય | રજુ છે. |

૨. આ કામે ત.ક.અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. ત.ક.અમલદારે જણાવેલ કે મુદ્દામાલ આરોપી પાસેથી લેવાયેલ છે તથા ફરીયાદીને પરત આપવા સામે વાંધો લીધેલ છે.

૩. ઉભય પક્ષો ને સાંભળ્યા. આ મુદ્રામાલનો ઉપયોગ ફરીથી ન થાય તેવો હુકમ કરીને મુકત કરવુ ઉચીત છે.

૪. આમ, આ કામે રજુ થયેલ રેકર્ડ નકલ ધ્યાને લેતાં સદરહુ મુદ્રામાલની માલીકી અરજદારના ગુજરનાર પિતાની હોવાનુ ફલિત થાય છે અને તેથી વિ.વ.શ્રીની દલીલો નહીં માનવાને કોઈ જ કારણ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદો **એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો., સુન્દરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પેજ–૬૩૮** ધ્યાને લેતાં પણ અરજદારને મુદ્રામાલ પરત સોંપવું જોઈએ તેમ હું માનુ છું અન્યથા વાહનના સ્પેરપાર્ટસ,સ્ક્રીન વગેરેને નુકશાન જાય અને હવે ગુનાની વધુ તપાસ માટે જરુર નથી. વળી આ કામે વાહન નહી છોડવા વિશે કોઈ બાધ નથી અને તેથી જો અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં મુદ્રામાલ પરત સોંપવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનુ છું અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

– **બીએનએસએસ ૪૯૭** મુજબ ઉપરોકત જણાવેલ અરજદાર વાળાને મુદ્દામાલ ઉપરોકત નંબર તથા ઉપરોકત મુદ્રામાલ ઉપરોકતની મુદ્દ્રમાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના બોન્ડ તેમજ તેટલી જ રકમના જામીન તથા જાત મુચરકો ત.ક. સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u> <u>અરજદારે</u>: તક સમક્ષ–**

૧. સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ અથવા ત.ક.અમલદાર જયારે અને જયાં

જરૂર પડે મંગાવે ત્યાં રજુ કરવાનુ રહેશે.

૨. સદરહુ મુદ્દામાલ નો કોઈપણ ગુન્હાહિત કૃત્યમાં ઉપયોગ કરવો– કરાવવો નહીં. સદરહુ મુદ્દામાલ કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવું – કરાવવું નહી.

૩. સદરહુ મુદ્દામાલના ત્રણ દીશાનાં ફોટા પડાવી તેની એક પો. સ્ટે.માં તથા એક એમઓબી શાખામાં પંચનામુ કરાવીને રાખવી અને એક કોપી કોર્ટમાં મોકલી આપવી.

૪. પોતાના રહેઠાણનું તથા ધંધા / નોકરીનું સરનામુ પૂરૂં પાડવું. હુકમની યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૦૬મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬
દાહોદ.

**(પ્રિતેશ એલ.પટેલ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દાહોદ– જીજે ૦૦૮૯૦

R.B.Patel, steno.

*Principal sini.civil Judge*